Research Guru
Impact Factor: 4.081
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# સરદાર પટેલ અને બાળલગ્ન

ભૂમિકા બી. વસાવા
**પીએચ.ડી. સ્કોલર, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર, મો. ૮૨૩૮૭૧૧૨૪૩**

સિંધુ-ખીણ સંસ્કૃતિનો સમાજ માતૃપ્રધાન હતો. ઋગ્વૈદિક સમાજમાં સ્ત્રીને સહધર્મચારિણી તરીકે સંબોધવામાં આવી છે. ઋગ્વેદ યુગના સમાજમાં લગ્ન એક સામાજિક પવિત્ર સંસ્કાર મનાતો હતો. લગનનો મુખ્ય ઉદ્દેશ સંતાનોત્પત્તિ હતો. પુખ્તવયની વયે યુવક-યુવતીઓના લગ્ન થતા અને તેમને પોતાના જીવનસાથીની પસંદગીમાં સ્વતંત્રતા હતી તેમજ તેઓ વડીલોની અનુમતિથી પણ પોતાનો જીવનસાથી પસંદ કરી શકતા. સમાજમાં સ્ત્રીઓ પુરુષ સમાન અધિકારો ભોગવતી હતી. પરંતુ ઉત્તર વૈદિકયુગમાં સ્ત્રીના અધિકારો પર રોક લગાવવાની શરૂઆત થઇ. “આઠમી સદીથી ભારત પર મુસલમાનોના આક્રમણોનો આરંભ થયો. સ્ત્રી-બાળકો સહીત ‘કાફરો’ ની સર્વ સંપત્તિ પડાવી લેવી તેને ધર્મકાર્ય ગણવામાં આવ્યું. બુદ્ધ અને મહાવીરના અહિંસાના બોધના પ્રચંડ પ્રભાવ હેઠળ ભારતીય પ્રથા હિંસક પ્રતિકારને સ્વીકારી શકી નહિ. રક્ષા માટે તેમણે અન્ય ઉપાયો પ્રયોજ્યા. કન્યાને વહેલી પરણાવી દેવાની વૃત્તિ વધી લાજ અને ઘૂમટાની પ્રથા પ્રવેશી. આક્રમકોએ વિદ્યાપીઠોનો નાશ કર્યો, ધર્મગ્રંથો બાળી મૂક્યા તથા આચાર્યોની હત્યા કરી. દેશની સમગ્ર શિક્ષણ-પદ્ધતિનો વિધ્વંસ કરાયો. અસાન અને દરિદ્રતાએ બાળલગ્નને સમસ્યાનું રૂપ આપ્યું.”[૧] સમાજમાં મોટાભાગે બાલ્યાવ્યવાસ્થામાં જ છોકરા-છોકરીને પરણાવી દેવામાં આવતા. પરંતુ સમય જતા બાળાલગ્ન પ્રથા હિંદુ સમાજમાં એક રિવાજ બન્યો.

ભારતમાં અંગ્રેજી શાસનને પરિણામે અંગ્રેજી કેળવણીની શરૂઆત થઇ. નવી કેળવણીએ સમાજસુધારા આંદોલનને જન્મ આપ્યો. રાજારામ મહોનરાય, ઈશ્વરચંદ્ર, વિદ્યાસાગર, કેશવચંદ્ર સેન, જ્યોતિબા ફૂલે, મહાદેવ ગોવિંદ રાનડે, ધોડેકેશવ કર્વે, દલપતરામ, નર્મદ, ગાંધીજી આદી અગ્રણીઓએ નવા વિચારો પ્રવર્તાવ્યા. બહેરામજી મલબારી, લાલા-ગિરીધારીલાલ, બની સોહનલાલ વગેરે કુરૂધિઅઓ સામે ધારા ઘડવાની વાત કરી. બાળ લગ્નના પરિપાકરૂપ બાળમરણ, બાળવિધવા, અવૈધ સંતાન, ભુણહત્યા આદિ અનિષ્ટોની વ્યાપક ચર્ચા થવા લાગી.

૨૦મી સદીના પૂર્વાધમાં ભારતમાં આઝાદીની ચળવળો દરમિયાન મહાત્મા ગાંધીજી તેમજ સરદાર વલ્લભભાઈ પટેલે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા તેમના પર કરવામાં આવતા અપરાધ સમા બાળલગનનો વિરોધ કર્યો હતો. ગાંધીજી બાળલગ્નના પ્રખર વિરોધી હતા. તેઓ માનતા કે બાળલગ્ન પ્રથા સામાજિક અનિષ્ટોનું મૂળ છે. કેળવણીના અભાવે કન્યાઓ આવા લગ્નોની ભોગ બને છે. ગાંધીજી આવી બાળલગ્ન પ્રથાને નૈતિક અને શારીરિક પાપ ગણાતા. તેઓ આવા લગ્નને લગ્ન જ ગણાતા નહીં. તેઓ બાળ વિધવાને ‘વિધવા’ નહિ પરંતુ કુંવારી કન્યા જ માનતા. ગાંધીજી કહેતા કે ધર્મને નામે ગાયનું રક્ષણ કરવાની આપણે બૂમો પાડીએ

છીએ, પ્રરંતુ બાળવિધવાના સ્વરૂપમાં રહેલી માનવ ગાયને રક્ષણ આપવાનો ઇન્કાર કરીએ છીએ.

બાળલગ્ન પ્રથાનો વિરોધ દર્શાવતા સરદાર પટેલે કહ્યું હતું કે “કિસાનોની એક મોટામાં મોટી ખોટ એ છે કે તેઓ પરંપરાગત ચાલી આવતી પ્રથાને વળગી રહીને તેમની બાળાઓના વિવાહ બહુ જ નાની ઉમરમાં કરી નાખે છે. નાનપણમાં છોકરાઓને પરણાવી કાચી ઉંમરે તેમના પર ઘર સંસારનો બોજો લાદવો એ પોતાના બાળકોની હત્યા કર્યા બરાબર છે.”[૨] રૂઢીચુસ્ત સમાજ સામાજિક રૂઢીઓનો સામનો કરવા સક્ષમ ન હતો. સામાજિક રૂઢીનો વિરોધ કરનારને જ્ઞાતિ બહાર ધકેલવામાં આવતા. સરદાર પટેલે આવા સમાજમાં બાળલગ્ન ન કરાવવા માટે ઝુંબેશ ચલાવી. એ સમયગાળા દરમિયાન સમાજને આઝાદીની ચળવળમાં સામેલ કરતા પહેલા સમાજમાં રહેલા દુષણો દૂર થાય તે અતિ મહત્વનું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલે બાળલગ્નને ગુનો ગણાવતાં કહ્યું કે “જો કોઈ મા-બાપ કે સગા-સંબંધી પોતાના વિચારો-લાયક ઉંમરના છોકરા ઉપર જબરજસ્તીથી ઠસાવવા જાય તો તે ગુનેગાર જ ગણાય.”[૩] જે બાળકો ભલે વિચાર લાયક હોય પરંતુ સમજણનો અભાવ હોય તેવી ઉમરે બાળકોના લગ્ન મા-બાપ કે સગા સંબંધીઓ પોતાની ઈચ્છા થાય તેની સાથે કરે એ ગુનેગાર જ કહેવાય.

જૂન ૧૯૨૭ માં ચલોડા ગામે ધોળકા તાલુકાના ખેડૂતોની સભા આગળ કરેલા ભાષણના એક ભાગરૂપે “ખેડૂત મોટામાં મોટું પાપ તો એ કરે છે કે તે નાના બાળકોને પરણાવે છે. જો મારી સત્તા હોય તો બાર-તેર વર્ષની બાળાઓને જે પરણાવે તેને બંદૂકથી મારવાનો કે ફાંસીને માંચડે લટકાવવાનો કાયદો કરાવું.”[૪] ચૌદ-પંદર વર્ષની બાળાઓ માતા થાય, સંખ્યા બંધ બાળ વિધવાઓ થાય તો પછી તમારા કૂવામાં પાણી ક્યાંથી રહેવાનું છે? બાળલગ્નના કારણે નાની ઉંમરે બાળાઓના શિરે ઘરની જવાબદારી લાદી દેવામાં આવે. નાની ઉંમરે બાળાઓ માતા બને. આ એક સ્ત્રીઓ પર થતો અત્યાચાર નહિ તો બીજું શું? આ એક મોટામાં મોટું પાપ જ ગણાય, અને આ પાપનો વ્યાપ સમાજમાં ખૂબ જ હતો. જે સામાજિક, રાજકીય જાગૃતિને અવરોધક હતું, અને આ અવરોધને લલકારવાનું સાહસ સરદાર પટેલે કર્યું હતું.

બાળલગ્નને બાળહત્યા ગણાવતાં સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતુ કે “આબરૂના નામથી થતી બાળહત્યા અટકાવો છોકરીઓને અઢાર વર્ષની અંદર ન પરણાવો.”[૫] અંગ્રેજી બાવીસ-પચીસ વર્ષની કુંવારી છોકરી હોય છે તે આપણા ગામડામાં દવાખાનું કાઢીને બેઠી હોય છે. આખા જીલ્લાના મદરો ને સ્ત્રીઓ ઉપર રાજ ચલાવે છે. નાની નાની બાળાઓ ઉપર સ્ત્રી બધો બોજો નાખી તેને કચરી નાખો નહિ. તે એક કુમળું ફૂલ છે, ખીલતી કાળી છે, તેને અકાળે કા મારો છો ? બાળાઓને નાની ઉંમરમાં પરણાવવી એટલે કે તેમની હત્યા કરવી સમાન જ ગણાવી શકાય. આબરૂના નામે સમાજમાં જે બાળલગ્નો થાય છે એ લગ્નો નથી પરંતુ બાળાઓની હત્યા જ છે. ચૌદ-પંદર વર્ષની બાળાઓ માતા થાય, સંખ્યાબદ્ધ બાળ વિધવાઓ થાય આ બધું આબરૂના નામે થતી હત્યા નહિ તો બીજું શું ? બાળલગ્નના કારણે સંખ્યાબદ્ધ બાળાઓ ઘણીજ નાની ઉંમરે વિધવા બને છે, અને સમાજમાં તેમની સ્થિતિ દયનીય બની છે. એક બાજુ આઝાદીની લડતમાં સ્ત્રીઓને જોડાવાની પહેલ કરવામાં આવતી તો બીજી બાજુ

રૂઢીચુસ્ત સમાજ આ બાળાઓ પર નાની ઉંમરે જ ન ઉઠાવી શકાય એવા બોજા લાદી દેતો. અને ગુલામની માફક તેમની સાથે વ્યવહાર કરવામાં આવતો. આઝાદીની લડતમાં બહેનોને સામેલ કરતા પહેલા તેમને ગુલામી (બાળલગ્ન) પ્રથામાંથી મુક્ત કરવા જરૂરી બની રહે છે. બારડોલી સત્યાગ્રહના વિજય દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતું કે "શું નાના નાના બાળકોને પરણાવી માર્યે કોઈ દિવસ કોઈ કોમનું કલ્યાણ થઇ શે ? જે પ્રજા છાતી પર ગોળી ઝીલવાને તૈયાર થવાનો દાવો કરતી હોય તે પોતાના નાના-નાના બાળકોને કદી પરણાવે ? તેને માટે શું સરકારને અમુક ઉંમર પહેલા છોકરા પરણાવવાની બંધી કરનારા કાયદા કરવા પડે ? જો સરકારને આપણા સુધારા માટે કાયદા ઘડવા પડતા હોય તો આપણે તેની સાથે કેમ લડી શકીશું ?"[6] બારડોલી સત્યાગ્રહમાં વિજયી બનેલા ખેડૂતો સત્યાગ્રહ સમયે ગોળી ઝીલવાને તૈયાર થતી તેજ પ્રજા જો નાના-નાના બાળકોને પરણાવે તો તે જાગૃતી નહિ પરંતુ અજાગૃતતા જ ગણાવી શકાય.

ઈ.સ. ૧૯૩૦ નાં અસહકાર આંદોલન વેળા વિદ્યાર્થીઓને શાળા કોલેજ છોડવાનો અનુરોધ સરદાર પટેલે કર્યો હતો એના બે વર્ષ બાદ બિહારમાં તેમને કહ્યું હતું કે "જે બ્રાહ્મણ ઢીંગલા-ઢીંગલીનાં વિવાહ (બાળલગ્નો) માટે સ્મૃતિ ટાંકે છે તે બ્રાહ્મણ નથી પણ રાક્ષસ છે. અને જે મા-બાપો એ બ્રાહ્મણનું માનીને છોકરીને લગ્નની કાળી માતાને વાધેરે છે તેઓ પોતે પશુ છે. મારા હાથમાં કાયદો હોય તો હું તો એવાઓને ગોળીથી ઠાર કરવાની સજા ઠરાવું."[7] બાળલગ્ન કરાવતા બ્રાહ્મણોને પણ રાક્ષસ ગણાવી બાળલગ્નની ક્રુરતા દર્શાવી છે. સમાજમાં બ્રાહ્મણોનું સ્થાન સર્વ શ્રેષ્ઠ હોવા છતાં પણ તેઓ આ અનિષ્ઠ એવું બાળલગ્નનું કૃત્ય કરતા હોય તેમને શ્રેષ્ઠ કેવી રીતે ગણાવી શકાય. ૧૯૨૯માં સારડા ધારા નામે જાણીતો થયેલો બાળલગ્નપ્રતિબંધક ધારો આવ્યો. તેમાં વર અને કન્યાની લઘુત્તમ લગ્નવય અનુક્રમે ૧૮ અને 14 નિશ્ચિત કરાઈ. ૧૯૫૫મા હિંદુ લગ્નધારાથીકન્યાની વાય 15 વર્ષ કરાઈ. છેલ્લે ૧૯૭૮ના કન્યા માટે લગ્નવય ૧૮ અને વાર માટે ૨૧ નક્કી કરાઈ. ગુજરાત સરકારે બાળલગ્ન પ્રતિબંધક ધારામાં સુધારો કરી તેના પાલન માટે અધિકારીઓ નીમ્યા.

આમ, ભારતીય સમાજમાં બાળલગ્ન પ્રથાને દૂષણ સર્વવ્યાપી બન્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલે બાળલગ્નના દૂષણને સમાજમાંથી ઉખેડી ફેંકી દેવા ભગીરથ પ્રયત્નો કર્યા હતા. ગુજરાત તેમન ભારતીય સમાજમાં પ્રચલિત આ દૂષણ સામે તેમણે આકરા પ્રહારો કર્યા હતા. અને તેમના પ્રયત્નોના પરિપાકરૂપે સમાજમાં જડ થયેલા આ દુષણ દૂર થયેલ જોવા મળે છે. ૨૧મી સદીમાં એક બાજુ ભારત વિજ્ઞાન અને ટેકનોલોજીનાં ક્ષેત્રે હરણ ફાળ ભરી છે. તો બીજી બાજુ કેટલાક રૂઢીચુસ્ત સમાજમાં વર્તમાન સમયમાં પણ બાળલગ્નના અંશો જોવા મળે છે.

પાદનોંધ

1. ઠાકર ધીરૂભાઈ, ગુજરાતી વિશ્વકોશ ખંડ-૧, બીજી આવૃત્તિ-૨૦૦૧, ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯, પૃષ્ઠ-૪૮૧

2. ભટ્ટ સિદ્ધાર્થ નરહરિ, 'સરદાર વિચાર સૃષ્ટિ', પ્રથમ આવૃત્તિ સરદાર પટેલ ૧૨૫ મી જન્મજયંતી ઉજવણી સમિતિ, જૂના સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૦૧, પૃષ્ઠ-૩૬૭.
3. દેસાઈ જીવણજી ડાહ્યાભાઈ, સરદારની શીખ (સરદારના પત્રોમાંથી ઉતારા) નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-14, પ્રથમ આવૃત્તિ ૧૯૫૬, પૃષ્ઠ-૩૬.
4. પરીખ નરહરિ, શાહ ઉત્તમચંદ, 'સરદાર વલ્લભભાઈના ભાષાણો', પ્રથમ આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃષ્ઠ ૧૧૧-૧૧૨.
5. પરીખ નરહરિ, શાહ ઉત્તમચંદ, 'સરદાર વલ્લભભાઈના ભાષાણો', પ્રથમ આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃષ્ઠ-૧૧૨.
6. પરીખ નરહરિ, શાહ ઉત્તમચંદ, 'સરદાર વલ્લભભાઈના ભાષાણો', પ્રથમ આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃષ્ઠ-૧૬૬.
7. કોઠારી ઉર્વીશ, સરદાર સાચો માણસ, સાચી વાત, સત્ય મીડિયા, અમદાવાદ, ૨૦૦૫, પૃષ્ઠ-૭૫.